## નવમા જયુડીશીયલ  મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટમા, અમદાવાદ(ગ્રામ્ય)

**C C NO 4799-22**
**આંક:**

ફરીયાદી: સરકાર

વિરુધ્ધ
આરોપી: કેશરબેન રમભાઈ ઠાકોર

**-: ઠરાવ:-**

(૧) હાલના કામે આરોપી વિરુધ્ધ ગુજરાત નશાબંધી અધિનિયમ કલમ: ૬૫ એ એ મુજબના ગુનાનો આક્ષેપ છે.

(૨) આરોપી વિરુધ્ધ ના ગુનાનું સંજ્ઞાન લઈ પ્રોસેસ ઈશ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ. આરોપી વિરુધ્ધ પ્રોસેસની બજવણી થતાં આરોપી તેમના વકીલશ્રી મારફતે અત્રેની અદાલતમાં હાજર થતાં આરોપીને ફોજદારી કાર્યવાહી સંહીતાની કલમ: ૨૦૭ મુજબની નકલો પુરી પાડવામાં આવેલી.

(૩) ત્યારબાદ હાલના કામે આરોપી વિરુધ્ધ તહોમતનામુ ઘડી આરોપીનો તે અનુસંધાને જવાબ નોંધતા આરોપી દવારા તેમના વિરુધ્ધના ગુનાની કબુલાત કરવામાં આવેલ છે. વધુમાં આ અંગે કબુલાત પુરસીસ પણ રજુ કરવામાં આવેલ છે.

(૪) આરોપીની વધુમાં રજુઆત કરવામાં આવેલ છે કે, ગરીબી તથા અજ્ઞાનતાના કારણસર હાલનો ગુનો બનવા પામેલ છે. વધુમાં આરોપીપક્ષે રજુઆત છે કે, તેઓના કુટુંબના ભરણપોષણની જવાબદારી તેઓના શીરે છે વધુમાં સજા અંગે તેઓ ઉપર દયા રાખવા અરજ ગુજારેલ છે.

(૫) આમ, કેસની હકીકત, આરોપીના આર્થીક તથા સામાજીક પરીસ્થિતિ તથા આરોપી પક્ષે સ્વૈચ્છીક કબુલાત તથા તેમજ આ અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા '' **સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદજી ઠાકોર' ના ૨૦૦૫ ક્રીમીનલ લો જર્નલ ૨૯૫૭** પર પ્રસિધ્ધ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ઘ્યાને લઈ આરોપીને લઘુતમ સજા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાશે તેમ જણાય છે, આમ ઉપરોકત તમામ સંજોગો તથા હકીકતોમાં નીચે મુજબનો હુકમ કરવો ન્યાયોચીત આવે છે.

**-આખરી હુકમ -**

૧) આ કામના આરોપીને ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ: ૨૪૧ અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમ ની કલમ ૬૫(એ)(એ) મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી રૂા. ૨૦૦/- દંડની સજા ફરમાવુ છુ.

૨) હાલના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ ની અપીલ સમય વિત્યે નિયમાનુસાર ની કામગીરી કરી નિકાલ કરવો.

ઠરાવ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

આજરોજ અદાલતના સ્પે.સીટીંગમાં હુકમ જાહેર કર્યો.

તારીખ ૧૨/૩/૨૦૨૨

**હાર્દિક ભરતભાઈ ત્રિવેદી**
નવમા(અધિક) જયુડી.મેજી.ફ.ક.
અમદાવાદ(ગ્રામ્ય)મીરઝાપુર.